ત્યારે માનું શરીર એવું શિથિલ થઈ જતું કે પકડીને બાથરૂમ સુધી લઈ જવામાંય ખૂબ તકલીફ પડતી. પકડીને લઈ જતાં હોય ત્યાં શરીર પરનું માનું નિયંત્રણ ચાલ્યું જતું ને શરીર ઢગલો થઈ જતું. આવી સ્થિતિમાં માની સંભાળ રાખવાનું પણ મુશ્કેલ બની જતું. આથી દીદીએ માને વિનંતિ કરી અને તે રાત્રે માં સારી રીતે સૂઈ ગયાં.

બીજે દિવસે રાજમોહનબાબુની સ્ત્રી કોઈ ઔષધિને પાણીમાં વાટી તેનો લેપ લઈ આવી. માની સંમતિ મળતાં મસ્તક પર ચોપડ્યો.

તે કઈ વનસ્પતિ હતી તે માએ જાણી લીધું. પછી બોલ્યાં : 'એમાં પાણી મિલાવ્યું છે તો પછી હવે એકલું પાણી જ માથા ઉપર રેડોને !'

માના આગ્રહથી માથે ઘડો પાણી તો રેડી દીધું. પણ માએ કહ્યું : 'હજી રેડો !' આથી બીજો ઘડોય રેડ્યો. પણ માનું 'હજી' અટક્યું જ નહીં. આમ પાંચ ઘડા પાણીનો તે દિવસે મસ્તકે અભિષેક કર્યો.

પછી તો આ જલૌષધિ-પ્રયોગ દિવસો સુધી ચાલતો રહ્યો.

પાંચ-છ ઘડાથી વધતાં વધતાં ૧૦૦ થી ૧૫૦ ઘડા સુધી આ પહોંચ્યો ! માથે પાણી રેડી રેડી ત્રણ-ચાર છોકરાઓ થાકી જતા હતા. સવારથી તે બપોર સુધી આ કાર્ય ચાલતું, તો પણ માનું માથું ટાઢું થતું નહોતું. પછી જૂનાં ઘી ને દૂધને ફીણી માથે માલિશ કરવામાં આવતાં પાણીનો પ્રયોગ અટકી ગયો.

આવી શારીરિક અસ્વસ્થતામાં પણ આનંદના ભાવમાં જ મસ્ત રહેતાં. આવી આનંદભરી સ્થિતિમાં જોઈ ભોળાનાથને ચિંતા થવા લાગી કે, આ રીતે રોગમાંય આનંદ અનુભવતાં રહેશે તો, પછી રોગને દૂર કરવાનો ભાવ એમના ચિત્તમાં જાગશે જ નહીં. તો તો પછી શરીરમાંથી રોગ હટશે નહીં. રોગને દૂર કરવાની મા ઇચ્છા નહીં કરે તો શરીર રોગમુક્ત નહીં થાય તેની પણ તેમને ખબર હતી. આથી રોગમાં પણ તેઓ જે આનંદમય સ્થિતિમાં છે તેમાંથી બહાર કાઢવા જોઈએ; તો જ રોગ દૂર કરવાની ઇચ્છા જાગશે. આમ વિચારી એક દિવસ ગુસ્સે થઈ કહ્યું : "આવી માંદગીમાંય આટલો આનંદ ! શું વાત છે રે !" આ પછી મા સાવ ચૂપ ને ગંભીર બની ગયાં. બીમાર માણસની ગંભીરતા ધારણ કરી લીધી. પણ તોય બીમારી ન હટી.

આથી બે ત્રણ દિવસ બાદ ભોળાનાથે ફરી કહ્યું : "જુઓ, હવે સ્વસ્થ થઈ જાઓ ને માંદગીને ભગાડી દો !" આ સાંભળી પહેલાં તો મા મૌન રહ્યાં. પણ પછી ધીમેથી બોલ્યા :

"જુઓ, એકવાર તો મારા ભાવમાં અવરોધ ઊભો કરી, તેમાંથી મને પાછી લાવી, તમે મારી આવી સ્થિતિ કરી છે. હવે આ વખતે કંઈ જ ન કહેશો. જે થવાનું છે તે થશે જ."



ત્યારે દીદી અને ડૉ. શશાંકબાબુને ખબર પડી કે માની આ બીમારી એ કંઈ સામાન્ય બીમારી નથી. પણ તેમના ભાવમાં અવરોધ ઊભો કરવાની અને તેમને ઉચ્ચ અવસ્થામાંથી પાછા લાવવાથી સર્જાતી અસમતુલાને પરિણામે ઉદ્ભવેલી આ માંદગી છે.

માના ભાવમાં પતિ અવરોધ ઊભો કરતા ત્યારે મા અસ્વસ્થ બની જતાં. ઘણીવાર એ ઉગ્ર બની માને ગુસ્સાથી કહેવા લાગતા ત્યારેય માના આનંદમય ભાવમાં લેશમાત્ર ફરક ન પડતો. તેથી ગુસ્સાનો પારો ઊંચે જતો ને વધુ ઉગ્રતાથી બોલવા લાગતા.

આવા એક પ્રસંગે માએ એકવાર કહ્યું હતું : "કહેવું-સાંભળવું કશાની અસર થતી નથી. પણ મારો આનંદભાવ રહેશે ત્યાં સુધી તેઓ શાંત નહીં બને. ક્રોધથી પોતાનાં શરીર અને મનને ખરાબ કરે છે. મારું તો કોઈ પણ રીતે કંઈ જ બગડતું નથી. શરીરની સ્થિતિમાં કંઈ ફેરફાર જુએ છે ત્યારે શાંત થાય છે. આથી એવું જણાય છે કે મારી ઇચ્છાથી તો કંઈ કરતી જ નથી. જેની જરૂર હોય છે તે શરીરની અંદર થઈ જાય છે." એ જ રીતે આ માંદગીમાં પણ મા પટકાયાં.

આ માંદગી દૂર થવાને બદલે વધતી ને વધતી જ ચાલી. હવે માને ઝાડા અને પેશાબમાં લોહી પડવા માંડ્યું. આથી બધાં બહુ જ ગભરાઈ ગયાં. આજીજીભરી વિનંતિ કરવા લાગ્યાં :

"મા, અમારા ઉપર કૃપા કરો ને જલદી સાજા થઈ જાઓ."

આ સાંભળી કહ્યું : "જુઓ, તમે મારી પાસે આવો છો ત્યારે હું કંઈ કાઢી મુકતી નથી. એમ, આ રોગ પણ આવે છે ને શરીરમાં આવીને ખેલ કરે છે; તો તેનેય શી રીતે કાઢી મૂકું ? જેટલા દિવસ ખેલ કરવો છે તેટલા દિવસ કરશે. પછી સ્વેચ્છાએ ચાલ્યો જશે."

આમ કહી હસવા લાગ્યાં.

પછી તો રોગોએ ખૂબ જોરશોરથી ખરેખરો ખેલ કરવો શરૂ કરી દીધો. માનું શરીર જાણે રોગોનું રણાંગણ કે ક્રીડાંગણ બની ગયું ! પણ મા તો આ ખેલને પણ નર્તનની જેમ સાનંદ નિહાળતાં રહ્યાં.

કેમ જાણે એ બધાંની સાથે એમને કંઈ જ લેવાદેવા નથી !

થોડા દિવસ પછી રોગોનો પ્રભાવ આપોઆપ જ ઓછો થવા લાગ્યો. રોગોનાં લક્ષણો દૂર થવા લાગ્યાં. તાવ ઓછો થતો ગયો.

રોગોએ પછી ધીમે ધીમે બાજી સંકેલી લીધી. પરંતુ આ માંદગીએ રોગ પ્રત્યેની માની અનોખી દૃષ્ટિનો સર્વને પરિચય કરાવી દીધો.

ત્યારે માનું શરીર એવું શિથિલ થઈ જતું કે પકડીને બાથરૂમ સુધી લઈ જવામાંય ખૂબ તકલીફ પડતી. પકડીને લઈ જતાં હોય ત્યાં શરીર પરનું માનું નિયંત્રણ ચાલ્યું જતું ને શરીર ઢગલો થઈ જતું. આવી સ્થિતિમાં માની સંભાળ રાખવાનું પણ મુશ્કેલ બની જતું. આથી દીદીએ માને વિનંતિ કરી અને તે રાત્રે મા સારી રીતે સૂઈ ગયાં.

બીજે દિવસે રાજમોહનબાબુની સ્ત્રી કોઈ ઔષધિને પાણીમાં વાટી તેનો લેપ લઈ આવી. માની સંમતિ મળતાં મસ્તક પર ચોપડ્યો.

તે કઈ વનસ્પતિ હતી તે માએ જાણી લીધું. પછી બોલ્યાં : 'એમાં પાણી મિલાવ્યું છે તો પછી હવે એકલું પાણી જ માથા ઉપર રેડોને !'

માના આગ્રહથી માથે ઘડો પાણી તો રેડી દીધું. પણ માએ કહ્યું : 'હજી રેડો !' આથી બીજો ઘડોય રેડ્યો. પણ માનું 'હજી' અટક્યું જ નહીં. આમ પાંચ ઘડા પાણીનો તે દિવસે મસ્તકે અભિષેક કર્યો.

પછી તો આ જલૌષધિ-પ્રયોગ દિવસો સુધી ચાલતો રહ્યો.

પાંચ-છ ઘડાથી વધતાં વધતાં ૧૦૦ થી ૧૫૦ ઘડા સુધી આ પહોંચ્યો ! માથે પાણી રેડી રેડી ત્રણ-ચાર છોકરાઓ થાકી જતા હતા. સવારથી તે બપોર સુધી આ કાર્ય ચાલતું, તો પણ માનું માથું ટાઢું થતું નહોતું. પછી જૂનાં ઘી ને દૂધને ફીણી માથે માલિશ કરવામાં આવતાં પાણીનો પ્રયોગ અટકી ગયો.

આવી શારીરિક અસ્વસ્થતામાં પણ આનંદના ભાવમાં જ મસ્ત રહેતાં. આવી આનંદભરી સ્થિતિમાં જોઈ ભોળાનાથને ચિંતા થવા લાગી કે, આ રીતે રોગમાંય આનંદ અનુભવતાં રહેશે તો, પછી રોગને દૂર કરવાનો ભાવ એમના ચિત્તમાં જાગશે જ નહીં. તો તો પછી શરીરમાંથી રોગ હટશે નહીં. રોગને દૂર કરવાની મા ઇચ્છા નહીં કરે તો શરીર રોગમુક્ત નહીં થાય તેની પણ તેમને ખબર હતી. આથી રોગમાં પણ તેઓ જે આનંદમય સ્થિતિમાં છે તેમાંથી બહાર કાઢવા જોઈએ; તો જ રોગ દૂર કરવાની ઇચ્છા જાગશે. આમ વિચારી એક દિવસ ગુસ્સે થઈ કહ્યું : "આવી માંદગીમાંય આટલો આનંદ ! શું વાત છે રે !" આ પછી મા સાવ ચૂપ ને ગંભીર બની ગયાં. બીમાર માણસની ગંભીરતા ધારણ કરી લીધી. પણ તોય બીમારી ન હટી.

આથી બે ત્રણ દિવસ બાદ ભોળાનાથે ફરી કહ્યું : "જુઓ, હવે સ્વસ્થ થઈ જાઓ ને માંદગીને ભગાડી દો !" આ સાંભળી પહેલાં તો મા મૌન રહ્યાં. પણ પછી ધીમેથી બોલ્યા :

"જુઓ, એકવાર તો મારા ભાવમાં અવરોધ ઊભો કરી, તેમાંથી મને પાછી લાવી, તમે મારી આવી સ્થિતિ કરી છે. હવે આ વખતે કંઈ જ ન કહેશો. જે થવાનું છે તે થશે જ."



ત્યારે દીદી અને ડૉ. શશાંકબાબુને ખબર પડી કે માની આ બીમારી એ કંઈ સામાન્ય બીમારી નથી. પણ તેમના ભાવમાં અવરોધ ઊભો કરવાની અને તેમને ઉચ્ચ અવસ્થામાંથી પાછા લાવવાથી સર્જાતી અસમતુલાને પરિણામે ઉદ્ભવેલી આ માંદગી છે.

માના ભાવમાં પતિ અવરોધ ઊભો કરતા ત્યારે મા અસ્વસ્થ બની જતાં. ઘણીવાર એ ઉગ્ર બની માને ગુસ્સાથી કહેવા લાગતા ત્યારેય માના આનંદમય ભાવમાં લેશમાત્ર ફરક ન પડતો. તેથી ગુસ્સાનો પારો ઊંચે જતો ને વધુ ઉગ્રતાથી બોલવા લાગતા.

આવા એક પ્રસંગે માએ એકવાર કહ્યું હતું : "કહેવું-સાંભળવું કશાની અસર થતી નથી. પણ મારો આનંદભાવ રહેશે ત્યાં સુધી તેઓ શાંત નહીં બને. ક્રોધથી પોતાનાં શરીર અને મનને ખરાબ કરે છે. મારું તો કોઈ પણ રીતે કંઈ જ બગડતું નથી. શરીરની સ્થિતિમાં કંઈ ફેરફાર જુએ છે ત્યારે શાંત થાય છે. આથી એવું જણાય છે કે મારી ઇચ્છાથી તો કંઈ કરતી જ નથી. જેની જરૂર હોય છે તે શરીરની અંદર થઈ જાય છે." એ જ રીતે આ માંદગીમાં પણ મા પટકાયાં.

આ માંદગી દૂર થવાને બદલે વધતી ને વધતી જ ચાલી. હવે માને ઝાડા અને પેશાબમાં લોહી પડવા માંડ્યું. આથી બધાં બહુ જ ગભરાઈ ગયાં. આજીજીભરી વિનંતિ કરવા લાગ્યાં :

"મા, અમારા ઉપર કૃપા કરો ને જલદી સાજા થઈ જાઓ."

આ સાંભળી કહ્યું : "જુઓ, તમે મારી પાસે આવો છો ત્યારે હું કંઈ કાઢી મુકતી નથી. એમ, આ રોગ પણ આવે છે ને શરીરમાં આવીને ખેલ કરે છે; તો તેનેય શી રીતે કાઢી મૂકું ? જેટલા દિવસ ખેલ કરવો છે તેટલા દિવસ કરશે. પછી સ્વેચ્છાએ ચાલ્યો જશે."

આમ કહી હસવા લાગ્યાં.

પછી તો રોગોએ ખૂબ જોરશોરથી ખરેખરો ખેલ કરવો શરૂ કરી દીધો. માનું શરીર જાણે રોગોનું રણાંગણ કે ક્રીડાંગણ બની ગયું ! પણ મા તો આ ખેલને પણ નર્તનની જેમ સાનંદ નિહાળતાં રહ્યાં.

કેમ જાણે એ બધાંની સાથે એમને કંઈ જ લેવાદેવા નથી !

થોડા દિવસ પછી રોગોનો પ્રભાવ આપોઆપ જ ઓછો થવા લાગ્યો. રોગોનાં લક્ષણો દૂર થવા લાગ્યાં. તાવ ઓછો થતો ગયો.

રોગોએ પછી ધીમે ધીમે બાજી સંકેલી લીધી. પરંતુ આ માંદગીએ રોગ પ્રત્યેની માની અનોખી દૃષ્ટિનો સર્વને પરિચય કરાવી દીધો.

રોગ પ્રત્યેની અનોખી દૃષ્ટિનો આવો જ પરિચય રામમોહન ગાંગુલીને થયો ત્યારે તો આશ્ચર્યચકિત બની ગયા હતા. માએ તેમને પોતાની એક માંદગી વિશે જણાવતાં આ પ્રમાણે કહ્યું હતું : ''પિતાજી આ વખતે ચાંદપુરમાં પેટ ખૂબ ખરાબ થઈ ગયું. એવી સ્થિતિ થઈ ગઈ કે દિવસમાં ૫૦ થી ૬૦ વાર ઝાડા થઈ ગયા. પાયખાનામાંથી ઓરડામાં આવી શકાય એવી સ્થિતિ જ રહી નહીં. પણ એમાં ય મહાઆનંદ ચાલી રહ્યો હતો. જાણે એક મહાકીર્તન ચાલતું હતું એવો અનુભવ થતો હતો. આખો દિવસ આ પ્રકારનું મહાકીર્તન ચાલ્યું, અને પછી રાત્રે મેં સ્વાભાવિક રીતે બધું જ ખાધું અને બધું જ મટી ગયું. કંઈ કહેતાં કંઈ જ થયું નહીં.''

રામમોહનબાબુ તો વિચારી રહ્યા કે દિવસના ૫૦ થી ૬૦ ઝાડા થઈ જવા છતાં મહાઆનંદ ને મહાકીર્તનને જે જોઈ શકે તે અનુભૂતિ ભગવદ્‌ભાવમાં સંપૂર્ણ તદ્રૂપ થયા વગર શું શક્ય બને ખરી ?

અત્યાર સુધી તેમણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો જ વાંચ્યાં હતાં. પણ આજે સ્થિતપ્રજ્ઞનાં પ્રત્યક્ષ દર્શન કરી કૃતાર્થતા અનુભવી. પૂછ્યું :

''મા તમારી આ જ સ્થિતિ રહે છે ?'' જવાબમાં મળ્યું માનું મધુરું સ્મિત.

પણ તેઓ સમજી ગયા કે મા હંમેશાં આ જ બ્રાહ્મી સ્થિતિમાં રહે છે. યોગની સર્વોચ્ચ ઉપલબ્ધિ 'સમતા' માની અંદર સદાય સ્થિત થયેલી છે. માને પ્રણામ કરી અંતરમાં પ્રાર્થી રહ્યા કે રોગમાં પણ મહાઆનંદ કે મહાકીર્તન અનુભવી શકું એવી સ્થિતિ મનેય પ્રાપ્ત થાય.

**જ્યારે ઉંમરમાં મોટા કે વડીલ કોઈ સાથે વાત કરી રહ્યા હોય, ત્યારે કોઈ બીજાએ કશુંક વચ્ચે પૂછીને કે ગણગણાટ કરીને એમાં અવરોધ ઊભો ન કરવો જોઈએ. જો કોઈકને કશુંક મહત્ત્વનું કહેવાનું હોય, તો એ વડીલ જ્યારે વાતપૂરી કરે, ત્યારે કહી શકે.**

**– 'શ્રી શ્રી મા'**





# માનો ૭૬મો જન્મોત્સવ

આ વખતે માનો ૭૬મો જન્મોત્સવ રમણાશ્રમમાં ધામધૂમથી ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું. સઘળું આયોજન પણ ભક્તોએ અગાઉથી કરી લીધું. માની જન્મતિથિ અને તારીખ વચ્ચે એકવીસ દિવસનું અંતર હતું. એકવીસ દિવસના આ કાલખંડને નામકીર્તન પૂજાપાઠથી સતત ભક્તિમય બનાવી દેવામાં આવ્યો. આ વખતે અષ્ટ ધાતુમાંથી વિશ્વેશ્વર, શિવ, કાલી અને અન્નપૂર્ણાની નવી મૂર્તિઓ તૈયાર કરાવાઈ. માનાં સોનાનાં ઘરેણાં ઓગાળીને તેમાંથી આ દેવીમૂર્તિઓનાં ઘરેણાં બનાવાયાં. આ દિવસોમાં ભોળાનાથે આ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી ત્યારે માના સાંનિધ્યમાં સમગ્ર વાતાવરણ જાણે આ દેવ-દેવતાઓની સૂક્ષ્મ હાજરીથી સભર બની ગયું હોય એવું સૌને જણાતું હતું.

અંતરંગ શિષ્યોને કુમારી-પૂજા કરવાનો માએ આદેશ આપ્યો.

સહુએ અલગ અલગ કુમારીની પૂજા કરી ત્યારે માએ કહ્યું કે આ માર્ગમાં આવવા માટે આ બહુ જરૂરી છે.

એ પછી માએ એક દિવસ કુમારિકાઓને ભોજન કરાવ્યું.

ઉપરાંત, માની ઇચ્છા હતી અન્નપૂર્ણાને ૧૦૮ પ્રકારની વાનગીઓનો ભોગ ધરાવવાની. ભાવુક સ્ત્રીઓએ પોતાને હાથે વિવિધ વાનગીઓ બનાવી અન્નપૂર્ણા માને અન્નકૂટ ધરાવ્યો. પછી માએ આ પ્રસાદ સર્વને વહેંચી દીધો અને પોતે પણ આ પ્રસાદ લીધો.

તે જ રાત્રે મા ખુલ્લા મેદાનમાં ફરતાં હતાં ત્યારે વરસાદ આવ્યો.

મા અત્યંત પ્રસન્ન થઈ ગયાં. વરસતા વરસાદમાં કીર્તન કરવા લાગ્યાં. ત્યારે ઘણા લોકો ઓસરીમાં બેઠાં બેઠાં માની ક્રિયાને નીરખી રહ્યાં હતાં. ત્યાં તો મા ઓસરીની કોર આગળ આવી પહોંચ્યાં અને બે હાથનો ખોબો કરી તેમાં પાણી ભર્યું ને ઓસરીમાં બેઠેલા લોકો પર છાંટ્યું. પછી તો ખોબા ભરી ભરી લોકો પર છાંટવા લાગ્યાં. એટલે પછી એ લોકોને પણ વરસાદમાં ભીંજાવા ને મા સાથે કીર્તન કરવા મેદાનમાં બહાર આવવું પડ્યું ! કીર્તન કરતાં કરતાં મા તો વરસાદના પાણીમાં

આલોટવા લાગ્યાં. મોડી રાત સુધી આ આનંદક્રિયા ચાલુ જ રહી. તે રાત્રે માના સાંનિધ્યમાં આનંદના અદ્‌ભુત રસનો ત્યારે સહુએ આસ્વાદ કર્યો.

ઉત્સવના વીસેવીસ દિવસમાં જાણે મહાઆનંદનાં પૂર ઊમટ્યાં હોય એવું સહુને લાગ્યું. આ દિવસો આંખના પલકારામાં ક્યાં પસાર થઈ ગયા તેનીયે કોઈને ખબર પડી નહીં. એકવીસમા દિવસે તો માએ નિજ કૃપાના બધા બંધ ખોલી નાખ્યા હતા. સાંન્નિધ્યમાં આવનાર સર્વને પોતાની પ્રેમપ્રસાદીરૂપે કંઈ ને કંઈ ભેટ આપી. ઉત્સવમાં આવનાર સર્વ સ્ત્રીઓને માએ એક એક સિંદૂરની ડબ્બી ભેટ આપી. માને ભક્તોએ સિંદૂરની ડબ્બીઓ, રેશમી વસ્ત્રો અને અન્ય વસ્તુઓ, અત્યાર સુધી જે કંઈ ભેટો આપી હતી તે બધી માએ સાચવીને રાખી મૂકી હતી. અને હવે આ ઉત્સવની પૂર્ણાહુતિ સમયે આ ભેટોની માએ લ્હાણ કરી સહુને પોતાની સ્મૃતિને આશીર્વાદ આપી ધન્યતાનો અનુભવ કરાવ્યો.

જે સ્ત્રીઓએ માના અન્નપૂર્ણાના અન્નકૂટમાં સામગ્રી બનાવી હતી તે સઘળી સ્ત્રીઓને માએ રેશમી વસ્ત્રો આપ્યાં.

આમ પ્રત્યેકને મા પાસેથી આ ઉત્સવની પ્રસાદી મળી.

પણ આ સ્મૃતિભેટ મા હેતુપૂર્વક આપી રહ્યાં છે, ફરી મા ઢાકામાં જન્મોત્સવ ઊજવવા ક્યારેય આવવાનાં નથી, એનો ખ્યાલ મા સિવાય ત્યારે કોઈનેય ન હતો. એથી બધા આ ઉત્સવની પૂર્ણાહુતિના અપૂર્વ આનંદમાં મગ્ન હતાં અને ત્યારે માની અંતઃપ્રેરણા તેમને ઢાકા છોડી દેવાનો આદેશ આપી રહી હતી.

એ આદેશને સ્વીકારીને માએ ઉત્સવની પૂર્ણાહુતિની રાત્રે જ ઢાકા છોડી દેવાનો સંકલ્પ કર્યો.

**પોતાના સાથી સાથે વાતચીત કરતી વખતે કોઈએ કોઈની મજાક ઉડાવવી નહિ કે કોઈ માટે આલોચનાત્મક વ્યંગવચન કહેવાં નહિ.**

**– 'શ્રી શ્રી મા'**





## 'હું આજે જઈ રહી છું !'

ઉત્સવની સમાપ્તિ થઈ ગઈ. અપૂર્વ આનંદને હૃદયમાં છલોછલ ભરી સહુ સ્વસ્થાને જતાં રહ્યાં. ચાર-પાંચ અંતરંગ ભક્તો જ આશ્રમમાં બાકી રહ્યા હતા. ઉત્સવ-સમાપ્તિની રાતનો એ સમય હતો. સાડા અગિયાર વાગ્યા હતા. મંદિરના પ્રાંગણમાં મા બેઠાં હતાં. તેમની પાસે વીરેન્દ્રમોહનબાબુ ને દીદીનો ભાઈ નંદુ બેઠાં હતાં.

સામાન્ય વાતચીત ચાલતી હતી.

થોડીવારમાં તો મા એકાએક ઊઠ્યાં. ત્યાં હતાં તે બધાંને ઊભાં ઊભાં જ કહ્યું : 'હું જાઉં છું.' માએ માત્ર આ બે જ શબ્દો ઉચ્ચાર્યા હતા. ક્યાં જવાના છે તેનો કોઈ નિર્દેશ કર્યો ન હતો. છતાં આ શબ્દો એવી રીતે ઉચ્ચારાયા હતા કે વીરેન્દ્રમોહનને આંચકો લાગી ગયો.

હૃદયમાં બેચેની જેવું થવા લાગ્યું. છતાં સ્વસ્થતા જાળવી કહ્યું :

"મા, અત્યારે પથારીમાં સૂવા જાઓ છો ને ?"

એમને માનો ઉત્તર હકારમાં જોઈતો હતો.

પણ મા તો કશું જ બોલ્યાં નહીં. એટલે બેચેની વધી ગઈ.

પણ તેમને તો જવાનું હતું. એટલે માને પ્રણામ કરી, આશીર્વાદ લઈ, તેઓ તો ચાલ્યા ગયા, બીજા બધા પણ એ જ રીતે ચાલ્યા ગયા. ત્યારે દીદીને બોલાવી માએ કહ્યું : "ભોળાનાથને બોલાવી લાવ તો."

ભોળાનાથ તો ત્યારે ઊંઘી ગયા હતા. એમને જગાડીને તાત્કાલિક બોલાવી લાવવા માએ કહ્યું, આથી દીદીને લાગ્યું કે કોઈ ગંભીર બાબત લાગે છે. પણ મા કહે નહિ ત્યાં સુધી સામેથી કશું પૂછવાનું યોગ્ય ન જણાયું. આથી ચૂપ જ રહ્યાં. મંદિરમાંથી બહાર આવી ભોળાનાથ પોતાનાં કપડાં શોધવા લાગ્યાને મુસાફરી અંગેની તૈયારી કરવા લાગ્યા. દરમિયાનમાં માએ ભાઈજીને તાબડતોબ તેડી લાવવા યોગેશબાબુને મોકલ્યા. પોતે પંચવટી નીચે જઈને બેઠાં અને બ્રહ્મચારીઓ સાથે વાત કરવા લાગ્યાં. દીદીને કંઈ સમજાતું નહોતું એટલે આશ્રમના એક ઓરડામાં જ્યાં તેમના પિતાજી રહેતાં હતાં ત્યાં જઈને પિતાજી સાથે મા વિશે વાત કરી રહ્યાં હતાં. ત્યાં તેમને માનો અવાજ સંભળાયો : "ખુકુની, અહીં આવ તો !"

તેઓ દોડતા મા પાસે પંચવટી પહોંચી ગયાં. ત્યારે બ્રહ્મચારીઓ ચાલ્યા ગયા હતા. મા ચૂપચાપ એકલાં જ બેઠાં હતાં. તેમણે પોતાની પાસે બેસાડી કહ્યું : "જો, ધૈર્ય એ સાધનાનું મુખ્ય લક્ષણ છે. ધૈર્ય ધારણ કરવું જોઈએ. દીદીના મનમાં શંકા તો હતી જ, કે મા ગમે ત્યારે બધાંને છોડી હવે જતાં રહેવાનાં છે. આ વાતથી એ શંકા દૃઢ બની ને એકદમ ફફડી ઊઠ્યાં. ગભરાયેલાં જોઈ માએ કહ્યું :

"ગભરા નહીં. જો હું કેટલીય વાર બહાર ગઈ છું. તમે સહુ આ રીતે વ્યગ્ર બની જાઓ છો એથી થોડા સમય બાદ પાછી આવતી રહી છું. હવે મને મારા માર્ગે ચાલવા દો. મને અટકાવશો તો નહીં જીવી શકું."

માને મુખે આવા સ્પષ્ટ શબ્દો સાંભળી દીદી તો હતપ્રભ બની ગયાં. મુખ ઉપર વિહ્વળતાના ભાવો સ્પષ્ટ તરવરી રહ્યાં. પણ પોતાના માર્ગમાં મા મક્કમ હતાં. છતાં છાયાની માફક અત્યાર સુધી રહેલી પોતાની આ પ્રિય શિષ્યાના હૃદયને જરાય દુઃખ પહોંચે તેવું પણ કરવા ઈચ્છતાં નહોતાં. માએ પ્રેમપૂર્વક સમજાવતાં કહ્યું હતું કે 'તું આટલા દિવસો ક્યાં હતી ? એ પછી બધા લોકો એમ કહે છે કે તારો ને મારો ચહેરો મળતો આવે છે. કેટલાય લોકો તને મારી નાની બેન માને છે. શું આ બધી વાતોનો કોઈ જ અર્થ નથી ?' આમ કહીને મા ચૂપ થઈ ગયાં. પણ દિલમાં તો ફ્રાસકો પડી જ ગયો કે એમને છોડીને મા હવે ચાલ્યાં જાય છે અને આ વખતનું ચાલ્યા જવું એ દર વખત કરતાં જુદું જ છે. એટલે જ માના આવા સ્નેહસભર શબ્દો પર હૃદયની વ્યાકુળતાને શાંત ન કરી શક્યા.

ઊલટાની વ્યાકુળતા વધી પડવાથી તેઓ રડી પડ્યાં.

એટલામાં તો સુરેન્દ્રનાથ બંદોપાધ્યાય મા પાસે આવ્યા :

"મા, આજ્ઞા આપો. હવે જાઉં છું."

"તમે આજે જાઓ છો ? હુંયે આજે જઈ રહી છું."

"ક્યાં ? ક્યારે પાછા આવશો ?"

"કંઈ જ નક્કી નથી." આ સાંભળી સુરેન્દ્રનાથ પણ વ્યગ્ર બની ગયા.પછી માએ શશાંકબાબુને એમના ઓરડામાંથી બોલાવીને પોતાના બહાર જવા અંગેની આ જ વાત કરી. પણ એમને આશ્ચર્ય ન થયું. કેમકે, તેમણે અનુમાન કરી લીધું જ હતું કે મા હવે બહાર નીકળશે. તેમણે સ્વસ્થતાથી પૂછ્યું : "ક્યારે પાછા આવશો ?"

"કંઈ નક્કી નથી." પહેલી જ વાર માએ સહુને આવો અનિશ્ચિત જવાબ આપ્યો હતો. નહીંતર દર વખતે તેઓ એમ જ કહેતાં કે થોડું ફરી આવું, તમે લોકો જ્યારે કહેશો ત્યારે પાછી આવી જઈશ."



માના આવા અનિશ્ચિતતાભર્યા ઉત્તરથી ડૉ. શશાંકબાબુને પણ લાગ્યું કે આ વખતની માની યાત્રા કંઈક જુદા જ પ્રકારની છે.

એટલામાં તો જ્યોતિષબાબુ ત્યાં આવી પહોંચ્યા.

એટલે માએ તેમને કહ્યું : 'જ્યોતિષ, તારે અત્યારે અમારી સાથે બહારગામ આવવાનું છે.

"અત્યારે ? આ સમયે ?" જ્યોતિષબાબુ મનમાં વિચારી રહ્યા.

પણ કશું બોલ્યા નહીં. એટલે માએ કહ્યું, 'શું તું નહીં આવી શકે ? તારે આવવું જ પડશે.'

"મા, આપની આજ્ઞા છે તો હું ચોક્કસ આવીશ. પણ ઘેર જઈને પૈસાનો પ્રબંધ કરી આવું."

"હવે ઘેર જવાની જરૂર નથી. અહીંથી જે પ્રબંધ થાય તે કરી લે."

માનો આવો આદેશ સાંભળીને તેઓ ચૂપચાપ મંદિરબાજુ જતા રહ્યા. ત્યારે મા પાસે ઊભીને આ વાત સાંભળી રહેલા ગિરીન્દ્રબાબુએ માને કહ્યું : "મા, મારે કલકત્તા જવું છે. તેથી હું પણ અત્યારે તમારી સાથે જ નીકળું છું."

"ના, તમે કાલે કલકત્તા જજો." માએ તેમને સાથે આવવાની સ્પષ્ટ ના પાડી દીધી. આથી બધાંને થયું કે આ વખતની ગુપ્ત યાત્રા અંગે મા કોઈને ય જાણકારી આપવા માગતાં નથી. આથી બધાં લોકો ચૂપચાપ બનીને ત્યાં ઊભાં રહ્યાં. મા બહાર જઈ રહ્યાં છે, તે બધાં જાણતાં, પણ ક્યાં તે પૂછવાની કોઈની ય હિંમ્મત ચાલતી નહોતી. પણ ખુદ મા પણ જવાના સ્થળ વિશે ક્યાં જાણતાં હતાં ? ત્યારે ગુરુપ્રિયા દીદી માનાં ચરણોને પોતાનાં આંસુઓથી ભીંજવી રહ્યાં હતાં. એ સમયે માએ પોતાના ગળામાંથી સોનાનું યજ્ઞોપવીત કાઢ્યુંને હળવેકથી ગુરુપ્રિયા દીદીના ગળામાં પહેરાવી દીધું. પછી ખૂબ ધીમે અવાજે કહ્યું, "આને ગળામાં પહેરી રાખજે."

મા એટલું ધીમેથી આ બોલ્યાં કે ત્યાં હાજર રહેલા કોઈને ય કંઈ જ ખબર ન પડી. પછી ઊભાં થઈને ગુરુપ્રિયા દીદીને બાજુ પર લઈ જઈને કેટલીક સૂચનાઓ આપી ને તેઓ ચાલી નીકળ્યાં.

ઘોડાગાડીમાં પણ ન બેઠાં ને ચાલતાં જ સ્ટેશને પહોંચ્યા.

એ દિવસ હતો ૧૯૩૨ની બીજી જૂનની મધ્યરાત્રિનો. ભાઈજી ને ભોળાનાથને સાથે લઈને માએ હંમેશ માટે ઢાકા છોડીને અજ્ઞાતભૂમિમાં જવા પ્રયાણ કર્યું ને તે ક્ષણથી જ માના સાચા જીવનકાર્યનો શુભારંભ થયો.



## 'આ ટ્રેઈન જ્યાં જાય ત્યાંની ટિકિટ લો !'

ઉત્સવ પૂરો થયો. મધ્યરાત્રિએ જ ભોળાનાથ અને જ્યોતિષબાબુની સાથે સ્ટેશને જવા મા ચાલી નીકળ્યાં. આ મહાપ્રસ્થાન હતું.

કઈ દિશામાં ક્યાં જવાનું હતું તેનીયે બિલકુલ ખબર નહોતી.

ત્યાં જઈને શું કરવાનું હતું તેય જાણતાં નહોતાં.

પણ અંતરમાંથી બસ 'ખયાલ' જાગ્યો કે ઢાકા છોડી દેવાનું છે એટલે તુરત જ ચાલી નીકળ્યાં.

ગુરુપ્રિયા દીદી અને ડૉ. શશાંકબાબુ વિહ્‌વળ બની ગયાં.

અન્ય ભક્તોને તો હજુયે જાણ નહોતી. સ્ટેશને પહોંચવા ઘોડાગાડી પણ ન મંગાવી અને ચાલતા જ પહોંચી ગયાં. તે વખતે સ્ટેશને ટ્રેઈન ઊભી હતી. જ્યોતિષબાબુએ પૂછ્યું, ''મા, ક્યાંની ટિકિટ કઢાવું ?''

માને ખુદનેય ક્યાં ખબર હતી કે ભગવાન ક્યાં લઈ જઈ રહ્યા છે ? ગાડી ઊભેલી સામે જોઈ કહ્યું : ''જ્યાં જાય ત્યાંની ટિકિટ લઈ લો !''

આથી જગન્નાથ ગંજની ટિકિટ લઈ લીધી. બીજે દિવસે ત્યાં પહોંચ્યાં.

ત્યાંથી બીજી ટ્રેઈન મળી. તેમાં કટિહાર આવી પહોંચ્યાં.

હવે અહીંથી આગળ ક્યાં જવું એની વિમાસણમાં જ્યોતિષબાબુ હતા, કેમકે, આગળની ટિકિટનાં કાવડિયાં પણ ગજવામાં નહોતાં.

શું કરવું એની ગડમથલમાં સ્ટેશન ઉપર ઊભાં હતાં ત્યાં તો એમનો મિત્ર ત્યાં આવી પહોંચ્યો. જ્યોતિષબાબુને સો રૂપિયા ને થોડાં ફળો આપ્યાં. અચાનક આ રીતે દૈવી સહાય મળી જશે ને મૂંઝવણ ટળી જશે એની તો કલ્પના સુદ્ધાં નહોતી.

હવે આગળનો માર્ગ સ્પષ્ટ થઈ ગયો.

ગાડીમાં બેસી લખનૌ આવ્યાં.

ત્યાં ઊતર્યાં તો બીજા પ્લેટફોર્મ પર એક બીજી ગાડી ઊભી હતી.

માએ કહ્યું : ''આ ગાડી ક્યાં જાય છે ?'' ''દહેરાદૂન''.

એ સાંભળી માએ કહ્યું : ''છેક સુધીની ટિકિટ લઈ લે.''



આમ અદૃશ્ય શક્તિની પ્રેરણાથી મા દહેરાદૂન આવી પહોંચ્યાં.

આમ તો આ ભૂમિ પર પહેલી જ વાર પગ મૂકતાં હતાં, છતાં સ્થળ પરિચિત હોય તેવું લાગતું હતું. અહીં પણ ક્યાં જવાનું છેતેની ખબર નહોતી. વળી, અહીં કોઈનો પરિચય પણ નહોતો.

આથી જ્યોતિષબાબુ માને તથા ભોળાનાથને એક ધર્મશાળામાં લઈ આવ્યા, પણ એ બરાબર નહોતી. લાંબો સમય અહીં રહી શકાય તેવું નહોતું આથી જ્યાં એકાંત હોય અને લાંબો સમય રહીને 'સાધના' કરી શકાય તેવા સ્થળની જ્યોતિષબાબુ તપાસ કરવા લાગ્યા.

કોઈએ કહ્યું કે અહીં થોડે દૂર કાલીમંદિર છે, ત્યાં તપાસ કરો તો રહેવાની સગવડ થઈ જશે. ભાઈજી અને ભોળાનાથ કાલીમંદિરમાં તપાસ કરવા ગયા તો, ત્યાંથી જાણવા મળ્યું કે, તેઓ ઇચ્છે છે એવું એકાંત અહીં તો મળી શકશે નહીં. પણ અહીંથી ત્રણ-ચાર માઈલ દૂર રાયપુર નામનું ગામડું છે. ત્યાં છેવાડેની નિર્જન જગ્યામાં મહાદેવનું એક મંદિર છે ત્યાં રહી શકાશે. તેથી બંને એ મંદિર જોવા ગયા, સ્થળ એકાંત હતું. સાવ અવાવરૂ હતું. પણ છતાં પસંદ પડી ગયું. જૂન ૧૯૩૨ને બુધવારે રાયપુરના એ મહાદેવના મંદિરમાં માને લઈ આવ્યા.

અહીંની એકાંત આબોહવામાં માના જીવનનો નવો તબક્કો શરૂ થયો.

રાયપુર પ્રકૃતિ-સૌંદર્યથી ભરપૂર, હિમાલયની તળેટીનું નાનકડું ગામ હતું. જરૂરિયાતની વસ્તુઓ આમ તો ગામમાં મળતી હતી, પણ મા જે સ્થળે રહેતાં હતાં તે તો ગામ બહાર ટેકરી પરનું મંદિર હતું. સાવ નિર્જન અને ભેંકાર ! પણ સાધના માટે શ્રેષ્ઠ હતું એટલે, કોઈ સુવિધા ન હોવા છતાં, માએ આ સ્થળને જ પસંદ કર્યું. દિવસે પણ કોઈ ત્યાં જતું નહીં, તો રાત રોકાવાની તો હિમ્મત જ કોણ કરે ?

મંદિરની પાછળના ભાગમાં પડું પડું થતા ખંડેર જેવા બે ઓરડાઓ હતા, જેમાં વરસોથી માણસનો વાસ નહોતો થયો, એટલે સાપ ને એવાં જીવ-જંતુઓએ કાયમી થાણું જમાવી દીધું હતું.

મા લગભગ એક વરસ ત્યાં રહ્યાં. પરિચિતોથી દૂર, પહેરવાના ને ઓઢવા-પાથરવાના પૂરતાં વસ્ત્રો વગર, પૈસા વગર એવા અસલામત સ્થળે રહેવું એ જ આકરામાં આકરું તપ હતું. પણ ભૌતિક સુખ-સગવડો કે સાધનોની જરૂર જ ક્યાં હતી માને ? મોટે ભાગે બધો જ વખત તેઓ તો ભાવસમાધિમાં રહેતા હતાં. ભોળાનાથ ખવડાવે તે ખાઈ લેતાં. બાહ્ય ભૌતિક સપાટી પર ધ્યાન જ નહિ, એટલે ઘણીવાર તો શું ખાધુ છે એનીયે ખબર ન હોય ! ખાવામાં તો મોટેભાગે ઉકાળેલાં પાંદડાંનું

શાક, એક રોટલી ને થોડું દૂધ લેતાં. ભોળાનાથ અને જ્યોતિષબાબુ રાયપુર ગામમાં જઈ આ બધી સામગ્રી માગી લાવતા. માને કશી મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખતા, છતાં આ ગાળામાં ભીષણ દરિદ્રતાનો ખાસ અનુભવ કરવો પડ્યો હતો. મા પાસે પહેરવાનાં પૂરતાં વસ્ત્રો નહોતાં. તેઓ ગમે તેમ કરી ચલાવી લેતાં. રાત્રે જમીન પર વસ્ત્ર પાથરી સૂઈ જતાં. હિમાલયની ગોદમાં-ઉનાળામાં પણ આપણા શિયાળા જેવું હવામાન હોય તો શિયાળામાં તો કેટલી ઠંડી પડતી હશે ! તે સ્થિતિમાં, પૂરતાં વસ્ત્રો વગર, સમતાપૂર્વક રહેવું એ પણ એક તાતું તપ હતું !

મા સાનંદ ત્યાં રહેતાં હતાં - સઘળી બાહ્ય પરિસ્થિતિથી પર, માનવ મનની ભૂમિકાથી ક્યાંય ઊંચે, જ્યાં સઘળી સ્થિતિ આનંદમય છે, બ્રહ્મમય છે !







## 'આ માણસ કંઈ મોટો સાહેબ હોય ?'

રાયપુરમાં જ્યોતિષબાબુ માની સેવામાં રત હતાં. ઘરગૃહસ્થી છોડી માના આદેશથી મા સાથે ચાલી નીકળ્યા હતાં. પણ હજુ નોકરીમાં રાજીનામું આપ્યું નહોતું, નોકરી ચાલુ હતી. તેથી રાયપુરથી તેમણે પોતે ક્યાં છે તેની જાણ પોતાની ઑફિસને કરી હતી. તેઓ તો ઉચ્ચ અધિકારી પદે હતા. અગત્યના કાગળોમાં તેમની સહીની જરૂર પડે, એટલે ઢાકાની ઑફિસેથી કાગળો આવવા લાગ્યા, જે.સી. રૉયને નામે કાગળ આવતા હતા. દહેરાદૂનની પોસ્ટ ઑફિસે કાગળ આવતા. પણ ત્યાં જ્યોતિષબાબુને કોઈ જ ઓળખતું નહોતું. આથી પોસ્ટ માસ્તરે કાગળો આપવાની ના પાડી દીધી. જે. સી. રૉયને નામે આવેલાં અગત્યના રજિસ્ટર્ડ કાગળો પણ, જે. સી. રૉય નામના માણસની ખાતરી ન હોવાથી, પોસ્ટ ઑફિસમાં પડ્યા હતાં.

જ્યોતિષબાબુએ ખાત્રી આપી કે, તે વ્યક્તિ હું જ છું. પણ પોસ્ટ ઑફિસમાં કોઈ માનવા તૈયાર નહોતું કે આવી ભિખારી જેવી વ્યક્તિ, જેનાં વસ્ત્રોનું કે રહેવાનું કોઈ ઠેકાણું નહોતું, એ કંઈ કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારી હોઈ શકે ખરા ? આવડા મોટા 'સાહેબ' કંઈ આ રીતે રહેતા હોય ખરા ?

પોસ્ટ માસ્તરે તો કાગળો આપવાની ચોખ્ખી ચટ્ટ ના પાડી દીધી.

પોસ્ટ માસ્તર માને ઓળખતા હતા એટલે ખરેખર આ માણસ સાચો છે કે નહીં તે પૂછવા મા પાસે આવ્યા. માએ કહ્યું કે આ જ જે. સી. રૉય છે ત્યારે તેમને ઘણું જ આશ્ચર્ય થયું. પણ મા પ્રત્યેની સમર્પણભાવના જોઈ પોસ્ટ માસ્તર તાજ્જુબ થઈ ગયા. તેમણે ક્ષમા માગી. ત્યારથી જ્યોતિષબાબુને 'ભાઈજી' કહેવા લાગ્યા, પછી તો ત્યાંના બધા લોકો 'ભાઈજી' કહેવા લાગ્યા.

આ રીતે દહેરાદૂનમાં જ્યોતિષબાબુને 'ભાઈજી' નામ મળ્યું.

પછી તો સમગ્ર માતૃપરિવારનાં 'ભાઈજી' બની ગયા.

રજાઓ પૂરી થતાં ભાઈજીને ફરી ઢાકા જવું પડ્યું. તેમણે ઢાકાથી કમલકાન્તને મા પાસે મોકલ્યા. હવે ભાઈજી પાસેથી સર્વ ભક્તો જાણી શક્યા કે મા કેવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. માને આટલું બધું કષ્ટ સહેવું પડે છે એ જાણી બધા વ્યથિત

થઈ ગયાં. પણ માનો સ્પષ્ટ આદેશ હતો, એટલે કોઈ ત્યાં જઈ શકે તેમ ન હતું, તેમ કોઈ વસ્તુ મોકલી શકાય તેમ પણ નહોતી. માની આ પ્રકારની તપશ્ચર્યા જલદી પૂરી થાય અને માનો દર્શનલાભ મળે તેની આતુરભાવે પ્રતીક્ષા કરવા લાગ્યા.

અહીંનું ચોમાસું અત્યંત આકરું હતું. જીવ-જંતુઓનો ઉપદ્રવ પણ જબરો હતો. ભોળાનાથ ચોમાસામાં તાવમાં પટકાયા. કેમેય તાવ ઊતરતો નહોતો. આખરે દહેરાદૂનથી ડૉક્ટરને બોલાવવા પડ્યા. લાંબી સારવારને અંતે સાજા થયા. પછી માના શરીરમાં તાવ પ્રવેશ્યો. મા તો કોઈ દવા કરે જ નહીં ! આ તાવમાં માના લાંબા લાંબા સુંદરવાળ જટા જેવા બની ગયા. પછી માએ લાંબાવાળ કાપી નાખ્યાં. સ્વસ્થ થઈ ગયાં. એ પછી તારાપીઠ ગયાં. ત્યાંથી વિવિધ સ્થળે ફરીને પાછાં દહેરાદૂન આવ્યાં. આ વખતે દહેરાદૂનના મનોહર મંદિરમાં માની રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. અહીંથી જ માના દૈવી કાર્યનો પ્રારંભ થયો.

**ગુરુની વિભાવનાનું સાચું મહત્ત્વ ખૂબ જ જબરું છે. ગુરુને પ્રભુ જેવા માનવા જોઈએ. ગુરુને ક્યારે છોડી શકાય નહીં. જ્યાં ગુરુને છોડી દેવાય છે, ત્યાં માણસે સમજી લેવું જોઈએ કે ગુરુ અને શિષ્યનો સંબંધ જે કાર્ય વડે બંધાયો હતો તે કાર્ય થયું જ નથી. મનુષ્યને જન્મજન્માંતરના માર્ગદર્શક કહેવાતા ગુરુ વડે અયોગ્ય કે ખોટું કશુંય ક્યારેય થતું નથી. તેને માટે તેની શક્તિ તથા ભક્તિ ક્યારેય વિચલિત થતી નથી. સત્યની ખોજ પાછળ પડેલા પરમ પુરુષ પોતે જ સત્ય સ્વરૂપ છે અને એ શિષ્યના લક્ષ્યની સફળતા માટે કાળજી રાખે છે.**

**– 'શ્રી શ્રી મા'**





## બંગાળી માતાજી

રાયપુરના શિવમંદિર કરતાં દહેરાદૂનમાં સારી સુવિધા હતી. માને મન તો સગવડ-અગવડ બધું જ સમાન હતું. પરંતુ આ સ્થળ શહેરમાં હોવાથી કેટલાય લોકો માનો દર્શનલાભ મેળવી શકતાં હતાં.

દિવ્યતા સૂર્ય જેવી છે. તે કદી છૂપી રહી શકતી નથી.

માની બાબતમાં પણ એવું જ થયું. જેઓ એકવાર પણ માનાં દર્શન કરી જતાં હતાં તેઓ અલૌકિકતા જોઈ ફરી ફરી આવ્યા કરતા. દૈવી ગુણોથી આકર્ષાઈને અનેક લોકો આવવા લાગ્યા. માના સાન્નિધ્યમાં અદ્‌ભુત શાંતિનો અનુભવ થવા લાગ્યો. સંસારનો બોજો હળવો થવા લાગ્યો. દુન્યવી તાપ શમવા લાગ્યા.

માના આવા દિવ્ય સાન્નિધ્ય-લાભની વાત કર્ણોપકર્ણ પ્રસરી ગઈ. હવે દહેરાદૂનના પ્રતિષ્ઠિત લોકો પણ આવવા લાગ્યા. ખ્યાતિ દિનોદિન વધવા લાગી.

દહેરાદૂનના લોકો 'બંગાળી માતાજી' તરીકે ઓળખવા લાગ્યા. લોકોને પરિચય થતો ગયો તેમ તેમ આત્મીયતા અનુભવવા લાગ્યા. પોતાને મૂંઝવતા પ્રશ્નો પણ રજૂ કરવા લાગ્યા. આશ્ચર્યકારક રીતે તેમના જીવનને મૂંઝવતી સમસ્યાઓ ઉકેલાવા લાગતી. માની કૃપાનું આ પરિણામ છે એમ માની, કૃતજ્ઞતા વ્યક્ત કરતાં થયાં. આ રીતે લોકોનાં દુઃખોને દૂર કરી, ભગવાન પ્રત્યે વાળવાના માના જીવનકાર્યની શરૂઆત વ્યવસ્થિતપણે દહેરાદૂનથી થઈ એમ કહી શકાય.

પરમભક્ત હરિરામ જોશીને ય માનાં સર્વપ્રથમ દર્શન અહીં મનોહર મંદિરમાં જ થયાં હતાં. ત્યારે તો અલ્મોડા રહેતા હતા, પણ સહકારી મંડળીઓના ઇન્સ્પેક્ટર તરીકે દહેરાદૂન આવવાનું થયું. ભાઈજી મા પાસે લઈ આવ્યા અને માનો પરિચય કરાવ્યો. માનાં પ્રથમ દર્શને જ ઉચ્ચ આધ્યાત્મિક કક્ષા જોઈને હરિરામ અભિભૂત થઈ ગયા. આ વિશે તેમણે જણાવ્યું હતું : ''શ્રીમાનાં પ્રથમ દર્શને મને શ્રીમામાં ગીતાના બીજા અધ્યાયના સ્થિતપ્રજ્ઞ સ્થિતિના શ્લોકોનું સ્મરણ થયું.''

સદાસર્વદા પરમ આનંદમય સ્થિતિ એટલે શું, તેનું પ્રત્યક્ષ દર્શન કરીને હરિરામજી માનાં ચરણોમાં સમર્પિત થઈ ગયા. હંમેશ માટે માના શિષ્ય બની ગયા.

છેલ્લા શ્વાસ સુધી 'મા'મય બનીને રહ્યા. તેમના દ્વારા જ નહેરુપરિવારનો મા સાથે આત્મીય નાતો બંધાયો. એટલું જ નહીં, દહેરાદૂનના અનેક ઉચ્ચ અધિકારીઓ પણ મા પાસે આવી શાંતિ પ્રાપ્ત કરવા લાગ્યા.

ધીમે ધીમે માની આંતર ચેતનાનો પ્રકાશ દૂર દૂર લગી પથરાવા લાગ્યો. લોકોનો પ્રવાહ મા પ્રત્યે અધિકાધિક ખેંચાતો ચાલ્યો. ત્યારે તો આ પ્રવાહને સમાવી શકે તેવી વિશાળ જગ્યા કે આશ્રમ જેવું કશું જ ત્યાં નહોતું. એ મંદિર કંઈ એવું મોટું નહોતું કે વિશાળ સંખ્યાનો ત્યાં સમાવેશ થઈ શકે. આથી લોકોને માનાં દર્શન કરી ચાલ્યા જવું પડતું.

દહેરાદૂનમાં માનું તેજ પ્રકાશી રહ્યું ત્યારે જ મા એક દિવસ દહેરાદૂનને છોડીને ચાલ્યાં ગયાં ને ઉત્તર ભારતની યાત્રાએ નીકળી પડ્યાં.

માનાં પરિભ્રમણોનો પ્રારંભ પણ અહીં દહેરાદૂનથી જ થયો.

આમ દહેરાદૂનને પ્રથમ કર્મભૂમિ તેમજ અંતિમ વિદાયભૂમિ તરીકે સ્વીકારી માએ તેને તીર્થસ્થળ બનાવી દીધું.

**તમારા ગુરુ પાસેથી લીધેલા મંત્ર ધ્યાનમાં પ્રવાહિત, મગ્ન રહેવાનો પ્રયત્ન કરો. તે તમારો હાથ પકડી રહ્યો છે, અને તે ક્યારેય તેને છોડશે નહિ. બધો વખત તમારું મન 'તેનાં' ચરણકમળોમાં રાખો. તમે ઈશ્વરના પોતાના વંશજ છો. જો તમારી ઝંખના સચ્ચાઈભરી હશે, તો 'તે' તમને ક્યારેય પાછા વાળશે નહિ.**

**– 'શ્રી શ્રી મા'**





## માના સાન્નિધ્યમાં કમલા નહેરુ

ઉત્તર ભારતની યાત્રા બાદ મા ફરી દહેરાદૂન આવ્યાં. આ વખતે આનંદચોકમાં રહેતાં હતાં. મા સાથે ભાઈજી અને ભોળાનાથ પણ હતા. પૂર્ણ સ્વરાજ્યની ઘોષણા લોકમાન્ય ટિળકે કર્યા બાદનો આ સમય હતો. પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે જે કંઈ કરવું પડે તે કરવા, સહેવા સમગ્ર દેશ તત્પર બન્યો હતો. બ્રિટિશ સરકારે ટોચના નેતાઓને જેલમાં પૂરી દીધા હતા. જવાહરલાલ નહેરુ ને ગોવિંદ વલ્લભ પંતને દહેરાદૂન નજરકેદમાં રાખ્યા હતા. નજરકેદ હોવાથી નજીકનાં સગાંઓને પોલિસની હાજરીમાં મળવાની છૂટ હતી. એટલે નહેરુજીનાં માતા સ્વરૂપરાણી અને પત્ની કમલા વારંવાર દહેરાદૂન આવતાં. ઘણીવાર તો લાંબો સમય ત્યાં રોકાતાં. કમલા નહેરુમાં ઊંડી ભક્તિભાવના હતી. તેમણે રામકૃષ્ણ મિશનના સ્વામી શ્રદ્ધાનંદજી પાસે મંત્રદીક્ષા લીધી હતી. એ પછી અધ્યાત્મ ઝંખના પ્રબળ બની હતી. તેમને ભગવાન શ્રી કૃષ્ણમાં અપાર આસ્થા હતી.

આ શ્રદ્ધા જ આકસ્મિક સંજોગોમાં તેમને મા પાસે ખેંચી લાવી.

એક વખત નહેરુજીને મળવા સ્વરૂપરાણીદેવી અને કમલા નહેરુ બંને અલ્હાબાદથી દહેરાદૂન આવ્યાં. નહેરુ પરિવારના ગાઢ મિત્ર કાશીનારાયણ તનખાને ત્યાં ઊતર્યાં. હરિરામ જોષી પાસેથી મા વિશે સાંભળી કાશીનારાયણ માનાં દર્શન કરવા ગયા અને માની દિવ્યતાના ચુંબકે એમનેય આકર્ષી લીધા. વારંવાર મા પાસે જવા લાગ્યા. હરિરામ જોષીએ સ્વરૂપરાણીદેવીને અને કમલા નહેરુને પણ માની દિવ્ય શક્તિની વાતો કરી અને એકવાર માનાં દર્શને આવવા કહ્યું. પણ કમલા નહેરુએ કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. આમ થોડા દિવસો પસાર થઈ ગયા. પછી સ્વરૂપરાણીને અંતરમાં ઇચ્છા જાગી કે એકવાર તો માનાં દર્શન કરવાં જોઈએ. એમણે કમલા આગળ ઇચ્છા વ્યક્ત કરી.

આથી કમલાએ કહ્યું, "ભલે, આજે સાંજે જ લઈ જઈશ."

નાની ઇંદિરાને લઈને સાસુજી સાથે તેઓ આનંદ ચોક ગયાં. પણ રસ્તામાં વિચાર ફરી ગયો. સ્વરૂપરાણીને આનંદચોક ઉતારીને, શહેરમાં ખરીદી માટે ચાલ્યા

ગયાં. કલાક પછી પાછાં આવીને તેડી ગયાં, પણ ત્યારે માનાં દર્શને ગયાં નહીં. પરંતુ બે-ત્રણ દિવસ બાદ અચાનક ત્યાં જવાની પ્રબળ ઇચ્છા જાગી ઊઠી. જાણે આત્માને કોઈ ખેંચી રહ્યું હોય તેવું થવા લાગ્યું. સમજાતું નહોતું કે આ શું થઈ રહ્યું છે ! કોઈપણ સાધુ-સંતો કે મંદિરોમાં જવાહરલાલજીને ત્યારે શ્રદ્ધા નહોતી. આથી કમલા પણ કોઈ સાધુ-મહાત્માનાં દર્શને જતાં નહોતાં. એ જ રીતે માનાં દર્શને પણ ક્યાં ગયાં હતાં ? પણ અંતરમાંથી જાગી ઊઠેલી આ પ્રબળ ઇચ્છા કેમેય શાંત થતી ન હતી. આખરે તેમણે એ ઇચ્છાને વશ થઈને આનંદચોક જવાનું નક્કી કર્યું. સાંજે દર્શનાર્થે મા પાસે આવી પહોંચ્યા. પ્રણામ કરી માની તદ્દન સામે બેઠાં. માએ સ્પર્શ કરી આશીર્વાદ આપ્યા. તેઓ એકીટશે માના સ્વરૂપને નીરખતાં રહ્યાં.

થોડી જ વારમાં ઊંડી સમાધિમાં ઊતરી ગયાં. સ્થળ ને કાળ ભૂલાઈ ગયાં. નામરૂપ ઓગળી ગયાં ને મા જે આનંદમય લોકમાં સતત વસતાં હતાં એ લોકમાં તેઓ પહોંચી ગયાં. માનું પ્રથમ દર્શન જ આ ભૌતિક દુનિયામાંથી પરમાનંદની અલૌકિક દુનિયામાં લઈ ગયું.

કેટલોય વખત આ રીતે સમાધિભાવમાં ડૂબેલાં રહ્યાં. જાગ્યાં ત્યારે પોતાની સામે દિવ્ય સ્મિત ફરકાવી રહેલાં માને જોયાં, અને તે જ ક્ષણે પ્રતીતિ થઈ ગઈ કે અંતર જેમને ઝંખી રહ્યું છે એ પરમ શાંતિ અને મુક્તિને આપનાર આ જ દિવ્ય વિભૂતિ છે. માનાં ચરણોમાં શ્રદ્ધા-ભક્તિથી ઝૂકી રહ્યાં. મા તો તેમના અંતરાત્માને જાણતાં હતાં. આધ્યાત્મિક ઝંખનાની ઉત્કટતા પણ જાણતાં હતાં. એ ઝંખના જ તો રાજકારણની, સ્વાતંત્ર્ય ચળવળની – બ્રિટિશરોની સામે જેહાદની – સઘળી પ્રવૃત્તિઓની વચ્ચેથી કમલાજીને માની પાસે લાવી હતી. માએ પ્રેમ ને પ્રસન્નતાથી આવકાર્યાં. પછી પોતાની સાથે ચાંદબાગ લઈ આવ્યાં. અહીં એકાંત હતું. માને પણ કોઈ ભક્તો ખલેલ પહોંચાડે તેમ ન હતાં. મા ખુલ્લામાં ઘાસ પર બેઠાં અને કમલાને પણ પાસે બેસાડ્યાં. પ્રેમપૂર્વક ઘણી વાતો કરી. માના પ્રેમપ્રવાહમાં કમલા તો જાણે ડૂબી જ ગયાં. આમ તો માને પહેલી જ વાર મળતાં હતાં. પરિચય ફક્ત બે કલાકનો જ હતો, અને છતાં એવું લાગ્યું કે જાણે જન્મોજન્મથી માની સાથે જ રહેલાં છે ! મા સાથે ગાઢ આત્મીયતાની અનુભૂતિ થઈ. સામાન્ય વાતચીત કરતાં કરતાં જાણે માએ એમના અંતરને પ્રેમ અને આનંદથી ભરી દીધું હોય તેવું લાગ્યું. પહેલી જ મુલાકાતમાં કમલાના હૃદયમાં મા વ્યાપી ગયાં. દર્શન પછી મા પાસેથી પાછાં ફર્યાં ત્યારે જુદી જ વ્યક્તિ બની ગયાં હતાં. હૃદયમાં મા પ્રત્યેનું તીવ્ર ખેંચાણ જાગી ઊઠ્યું હતું.



હજી તો ઘેર પહોંચ્યાં-ન-પહોંચ્યાં ત્યાં તો મા પાસે જવાની પ્રબળ ઇચ્છા થવા લાગી. એવું તીવ્રતમ ખેંચાણ થયું કે ગયા વગર રહી શક્યાં નહીં. જેમતેમ થોડું ખાઈને તુરત જ મા પાસે પહોંચી ગયાં.

આટલી થોડી વારમાં પાછાં આવેલાં જોઈને એક ક્ષણ તો મા ચોંકી ગયાં. પણ પછી તેમને પ્રેમથી સંભાળી લીધાં.

રાત્રિનો સમય હોવાથી માએ પોતાની પાસે જ રાખ્યાં. મંદિરની ઓસરીમાં કામળો પાથરીને સુવડાવ્યાં. મા પોતેય પાસે જ સૂતાં સૂતાં પ્રેમપૂર્વક વાતો કરવા લાગ્યાં. માની વાતો દ્વારા કમલાના સંતપ્ત હૈયાને એવી ટાઢક મળતી હતી કે જે જિંદગીમાં ભાગ્યે જ અનુભવી હતી. માની સાદીસીધી પણ અનુભૂત વાણીમાં એ શક્તિ હતી જે દુઃખ ને આનંદમાં, ચિંતા ને ઉદ્વેગ, શાંતિ ને સલામતીમાં, પીડા ને વેદનાને મુક્તિમાં પલટાવી દેતી હતી. એ રાત્રિ કમલા નેહરુ માટે મુક્તિદાતા જ્ઞાનરાત્રિ બની ગઈ.

ઉચ્ચ આધ્યાત્મિકતાની વાતો કરતાં કરતાં માએ કહ્યું, “જો કમલા, હવે પછી પતિની આજ્ઞા વગર આ રીતે રાત રોકાવું નહીં.”

માએ વ્યવહારુ જીવનની ભૂમિકાની પણ ક્યારેય ઉપેક્ષા કરી નહોતી. તેમની આધ્યાત્મિકતા સંસારને-જીવનને ઉપેક્ષિત ગણી, તેને છોડી પ્રભુભજન કરવા પૂરતી સીમિત નહોતી. પણ સમગ્ર સંસારને સ્વીકારીને, તેની વચ્ચે રહીને, પ્રભુ સાથે એક બનીને જીવવાની હતી. આથી વ્યવહાર-જગતના નિયમોનું ઉલ્લંઘન કરવાનું મા ક્યારેય કહેતાં નહીં. ઊલટું, જે જ્યાં છે ત્યાં રહીને જ ઉપર ઊઠી શકે છે ને એકમેવને પ્રાપ્ત કરી શકે છે એમ ભારપૂર્વક કહેતાં.

કમલા નહેરુને પણ માએ એ જ વાત ભારપૂર્વક કહી અને બીજે દિવસે તેમને ઘેર પાછાં મોકલી આપ્યાં.

માના આદેશથી કમલા ઘેર ગયાં તો ખરાં, પણ જેવો ઘરમાં પગ મૂક્યો કે ફરી મા પાસે પહોંચી જવા હૃદય તલપાપડ થવા લાગ્યું. નાનું બાળક માથી દૂર થતાં વિહ્વળ બની જાય અને મા પાસે જવા આતુર બની આક્રંદ કરવા માંડે તેવી જ કમલાની આંતરિક સ્થિતિ બની ગઈ. તેમને તો એમ જ થતું હતું કે તેઓ મા પાસેથી ક્યારેય દૂર જાય જ નહીં. એમને માટે તો માનો ખોળો એટલે એક એવી હૂંફ ને સલામતી, જ્યાં જગતની કોઈ પણ સત્તા તેમાં વિક્ષેપ કરી શકે નહીં. માનું સાન્નિધ્ય એટલે એવો અખૂટ પ્રેમ ને આનંદ, જ્યાં દુનિયાનો કોઈ વિકાર કે શોક પ્રવેશી શકે જ નહીં. માની વાણી એટલે એવી મધુરતા, જેમાં સમગ્ર સંસારનાં

વિષ અમૃત બની જાય. આથી કમલા મા પાસેથી ક્ષણેક પણ દૂર રહેવા ઈચ્છતાં નહોતાં. પણ મા હતાં અંતર્યામી. પોતા પ્રત્યેની કમલાની આવી ઉત્કટ લાગણી એને માટે યોગ્ય નથી એ જાણતાં હતાં.

આથી, એ જ દિવસે, કોઈને ય કહ્યા વગર, હૃષીકેશ ચાલ્યાં ગયાં.

આનંદ ચોકમાં માને ન જોતાં, કમલા વ્યાકુળ બની માની શોધ કરવા લાગ્યાં.

મા હૃષીકેશમાં થોડો સમય રહ્યાં. તેઓ તો ત્યાં વધુ રહેવા ઈચ્છતાં હતાં. પણ દહેરાદૂનનાં ભક્તોનો ખૂબ આગ્રહ હતો એટલે જન્માષ્ટમીના ઉત્સવ માટે મા દહેરાદૂન પાછાં આવ્યાં. પણ મા પાછાં આવશે જ એની ભક્તોને પૂરી ખબર નહોતી. માનાં દર્શન વગર વ્યાકુળ બની ગયેલાં કમલાએ થોડા દિવસ તો માની રાહ જોઈ, પણ પછી નહિ રહેવાવાથી માની શોધ માટે હૃષીકેશ જવા નીકળ્યાં અને ત્યારે તો મા દહેરાદૂનમાં આવી પહોંચ્યાં હતાં. હૃષીકેશમાં ઘણી શોધ કરી, પણ ક્યાંય દર્શન ન થયાં. પછી ખબર મળ્યા કે મા તો દહેરાદૂન પાછાં પહોંચી ગયાં છે, એટલે તુરત જ ત્યાં રવાના થયાં. ત્યાંથી ખબર મળ્યા કે મા પાછાં હૃષીકેશ પહોંચી ગયાં છે ! જાણે મા ને બાળકની પકડદાવની રમત જ જોઈ લ્યો ! પણ બાળકના હિત માટે, માની આસક્તિમાં તે બંધાઈ ન રહે તે માટે મા બાળકનો પોતાના પ્રત્યેનો ઉત્કટ પ્રેમભાવ જાણતાં હોવા છતાં આ રમત જાણીજોઈને રમી રહ્યાં હતાં અને રમતમાં પકડાતાં નહોતાં !

પણ જેમ જેમ મા પકડાતાં નહોતાં, તેમ તેમ તેમને મેળવવાની, બાળકની ઝંખના વધુ ને વધુ પ્રબળ બનતી જતી હતી.

એવી સ્થિતિ થઈ કે બાળક મા વગર હવે રહી શકે તેમ જ ન હતું ! અને ત્યારે મા આ રમતમાં બાળકને હાથે જાણીજોઈને ઝડપાઈ ગયાં !

કમલા ફરી હૃષીકેશ ગયાં ને માને શોધી જ કાઢ્યાં.

માને પ્રેમભરી આજીજી કરી દહેરાદૂન પાછા ફરવા કહ્યું.

આ વખતે મા તેમની વિનંતિનો અસ્વીકાર કરી શક્યાં નહીં.

તેમની સાથે પાછાં દહેરાદૂન આવ્યાં ને માના સાન્નિધ્યમાં કમલા નહેરુ અવર્ણનીય પરમ આનંદને શાંતિનો અનુભવ કરતાં રહ્યાં.





## 'તમે યજ્ઞોત્સવ કરો !'

માના સાન્નિધ્યમાં દહેરાદૂનના ભક્તોએ કૃષ્ણ-જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરી. આનંદચોકના મંદિરના પ્રાંગણમાં વિશાળ શમિયાણો ખડો કરાયો. આ પ્રસંગે કમલા હાજર રહી શક્યાં નહિ, કેમ કે, આવો ઉત્સવ યોજાવાનો છે તેની તેમને ખબર જ નહોતી.

માને મળ્યાં ત્યારે પૂછ્યું : "મા, ઉત્સવની જાણ કેમ ન કરી ? હું દર્શનલાભથી વંચિત રહી ગઈ !"

ઉત્તરમાં માએ કહ્યું : "મને 'ખયાલ'ન આવ્યો અને દર્શનલાભ વિશે તો એવું છે કે, ઈચ્છા હોય ત્યારે શુભ કાર્ય થઈ શકે ને દર્શનલાભ મળી શકે. એમ કરો, તમે યજ્ઞોત્સવ કરો."

માને મુખે યજ્ઞોત્સવની વાત સાંભળી માના ઉત્સવમાં હાજર ન રહી શક્યાનો કમલાનો વિષાદ આનંદમાં ફેરવાઈ ગયો. માનો આદેશ સ્વીકારી યજ્ઞની તૈયારી આરંભી, પરંતુ યજ્ઞનું સ્થળ ક્યાં રાખવું તે નક્કી ન કરી શક્યાં.

સ્થળ અંગે માને પૂછવા માટે ગયાં ત્યારે મા તો તેમની સાથે ફરવા નીકળી પડ્યાં ! ફરતાં ફરતાં રાજપુરના મા દુર્ગાના મંદિરે જઈ પહોંચ્યાં.

ત્યાં દર્શન કરી બેઠાં ને વાતો કરવા લાગ્યાં ત્યારે વાતચીત દરમિયાન સહજ રીતે જ કમલાને કહ્યું : "યજ્ઞસ્થળ અહીં રાખીએ તો ?"

કમલાને પણ આ સ્થળ પસંદ પડી ગયું. આમ યજ્ઞસ્થળ બતાવી આપ્યું, એટલું જ નહીં, યજ્ઞવેદી ક્યાં રાખવી અને કેવી રીતે બધું ગોઠવવું તેય સમજાવ્યું. બીજા દિવસથી યજ્ઞ અંગેની તડામાર તૈયારી ત્યાં શરૂ થઈ ગઈ. દહેરાદૂનના સર્વ પ્રતિષ્ઠિત નગરજનો, સાધુ, સંતો, મહાત્માઓ સર્વને આમંત્રણો અપાયાં.

શુભ મુહૂર્તે યજ્ઞારંભ થયો. બધો જ વખત આ યજ્ઞોત્સવમાં મા પોતે હાજર રહ્યાં હતાં. યજ્ઞની સઘળી વિધિ માની સૂચના પ્રમાણે કરાઈ હતી. કમલા નહેરુએ પોતે પૂજા કરી. પૂજા વખતે કોરાં અને સીવ્યાં વગરનાં વસ્ત્રો પહેર્યાં હતાં. યજ્ઞ અંગે માએ જે વ્રત-નિયમોનું આચરણ કરવાનું કહ્યું હતું તે સઘળાં પૂર્ણ શ્રદ્ધાથી

પાળ્યાં હતાં. આ યજ્ઞ માટેનો અગ્નિ માએ પોતાના વિંધ્યાચલ આશ્રમમાંથી ખાસ મંગાવ્યો હતો. આ એ જ અગ્નિ હતો, જે સિદ્ધેશ્વરીમાં યજ્ઞ કરતી વખતે માએ પ્રગટાવ્યો હતો અને જેની સુરક્ષા કરવાનું માએ કહ્યું હતું. એ અગ્નિને પછી સિદ્ધેશ્વરી આશ્રમમાંથી વિંધ્યાચલ આશ્રમે લઈ જવાયો ને ત્યાં સુરક્ષિત રખાયો હતો. એ અગ્નિથી માએ કમલા પાસે આ યજ્ઞ કરાવ્યો. પછી યજ્ઞના આ અગ્નિને પણ સતત પ્રજ્જવલિત રાખવાની માએ સૂચના આપી.

કમલાના સ્વાસ્થ્યની રક્ષા માટે માએ કહ્યું :

"આ અગ્નિને દરરોજ દસ દસ આહુતિઓ આપીને રાખજો."

ત્રણ દિવસ ચાલેલા આ યજ્ઞ વિશે એક વાર્તાલાપમાં માએ ભક્તોને જણાવ્યું હતું : "આ નાની બાળકી પર કમલા માને કેટલો ઊંડો સ્નેહભાવ હતો ! શું કહું ? કમલા મા ઘણી વાર આ શરીર સાથે બહાર ફરવા નીકળતાં. આ શરીરને ખૂબ જ માન આપતાં. એમની શ્રદ્ધા ઊંડી હતી. એમણે યજ્ઞ-આયોજન ખૂબ નિષ્ઠાપૂર્વક કર્યું હતું. યજ્ઞોત્સવ સુંદર રીતે સંપન્ન થયો હતો. યજ્ઞમાં અનેક લોકોએ આહુતિઓ આપી હતી. ત્રણ દિવસ સુધી યજ્ઞમાં સમિધ હોમવાનો કાર્યક્રમ ચાલ્યો હતો. યજ્ઞ બાદ પણ યજ્ઞકુંડના અગ્નિને પ્રજ્જવલિત રાખવામાં આવ્યો હતો."

દુર્ગામંદિરમાંથી આ અગ્નિને મનોહર મંદિરમાં લવાયો અને માની સૂચના પ્રમાણે દસ દસ આહુતિઓ આપી તેને પ્રજ્વલિત રખાયો હતો. એ પછી અલમોડાના એક ભક્ત એને પોતાને ત્યાં લઈ ગયા ને માની સૂચના પ્રમાણે તેની પૂજા કરતા રહ્યા.

એક વર્ષ સુધી તો એ અખંડપણે પ્રજ્જવલિત રહ્યો. પણ પંડિતની બેદરકારીને લીધે એક દિવસ બુઝાઈ ગયો. માને જાણ થઈ ત્યારે કમલા નેહરુના સ્વાસ્થ્ય અંગે તે ચિંતિત બની ગયાં. તે વખતે કમલાને ક્ષય રોગનું નિદાન થઈ ચૂક્યું હતું. માએ યજ્ઞનું આયોજન પણ એના સ્વાસ્થ્યલાભ માટે જ કરાવ્યું હતું. આ યજ્ઞાગ્નિ દ્વારા મા એમની જીવનરક્ષા કરી રહ્યાં હતાં, પણ વિધિની યોજના કંઈક જુદી જ હતી.

આથી તેમની જીવનરક્ષા માટેના માના ઉપાયોમાં પણ વિક્ષેપ પડતો રહ્યો ને દિનપ્રતિદિન ક્ષયથી ઘેરાવા લાગ્યાં.

આવા જીવલેણ દર્દમાં પણ માની કૃપાથી શાંત, સ્વસ્થ અને આનંદમય સ્થિતિમાં હવે રહી શકતાં હતાં.

મા પણ ભૌતિક રીતે ને આંતરિક રીતે કમલાનું સતત ધ્યાન રાખતાં હતાં. માના સાન્નિધ્યમાં કમલાના દર્દભર્યા દિવસો આનંદમાં પલટાઈ ગયા.





## સોનાના કડાની ભેટ

તે વખતે ઉનાળામાં મા મસૂરીમાં હતાં ને કમલા અલ્હાબાદમાં હતાં. જ્યારે જવાહરલાલજીને મળવા દહેરાદૂન આવ્યાં ત્યારે માને મળવા દહેરાદૂનથી મસૂરી પહોંચી ગયાં. તેમણે માને પ્રણામ કર્યાં.

માએ પ્રસન્નતાપૂર્વક આવકારી આશીર્વાદ આપ્યા.

પછી તુરત જ પોતાના હાથમાં પહેરેલું સોનાનું કડું ઉતારીને કમલાના હાથમાં પહેરાવી દીધું.

સુવર્ણનું આ આભૂષણ કમલાના આવ્યા પહેલાં જ નિર્મલબાબુ ચેટરજીએ માને અર્પણ કર્યું હતું.

અર્પણના સ્વીકારરૂપે માએ હાથમાં તે ધારણ કરી પણ લીધું. પણ પછી 'ખયાલ' આવતાં આશીર્વાદરૂપે કમલાને પહેરાવી દીધું. માની આવી અહેતુકીકૃપા જોઈને કમલા તો ભાવવિભોર બની ગયાં. જાણે માએ રક્ષાકવચ બાંધી દીધું ન હોય ! આ ઉપરાંત, પ્રસાદીરૂપે કમલાને રુદ્રાક્ષની એક માળા પણ આપી હતી. માની સ્મૃતિરૂપે આ બંને અમૂલ્ય વસ્તુઓ, કમલા હંમેશાં પાસે જ રાખતાં હતાં. મા પ્રત્યે એવો ઉત્કટ ભક્તિભાવ હતો કે તેઓ માથી દૂર હોય ત્યારેય સતત માનું સૂક્ષ્મ સાન્નિધ્ય અનુભવતાં. ઘણી વાર માનાં સૂક્ષ્મ દર્શનો પણ તેમને થતાં હતાં. તે વખતે મા દહેરાદૂનમાં નહોતાં, હિમાલય તરફ ચાલ્યા ગયાં હતાં. દહેરાદૂનની સૂકી હવા ક્ષયના દરદી માટે સાનુકૂળ હોવાથી દહેરાદૂનમાં રહેવાની કમલા માટે વ્યવસ્થા કરાઈ. પરંતુ અહીં મા નહોતાં એથી માને મળવા કમલા અધીર બની ગયાં હતાં. ભાઈજીને પત્રમાં લખ્યું :

"મને માના સમાચાર કેમ નિયમિત જણાવતા નથી ? સમાચાર ન મળવાથી મન વ્યાકુળ બની જાય છે. માનાં દર્શનની ઇચ્છા તીવ્રતમ બની જાય છે. તીવ્રતા વધી જાય ત્યારે અહીં બેઠી બેઠી પણ ક્યારેક માને જોઉં છું. થોડા દિવસ પહેલાં મેં માને જોયાં હતાં. લાલ કિનારની સાડી પહેરી હતી. આખો દિવસ એ સાડીમાં રહ્યાં હતાં."

મા સાથેનું કેવું સઘન તાદાત્મ્ય કે સ્થળનું દૂરત્વ અદૃશ્ય થઈ ગયું ને માનાં પ્રત્યક્ષ દર્શન કરી શક્યાં ! માએ તે દિવસે સાચે જ લાલ કિનારીવાળી સાડી પહેરી

હતી ! તેનું વર્ણન ભાઈજીએ પુસ્તકમાં આ રીતે કર્યું છે : ''ઢાકાના પ્રમથનાથ વકીલના મોટા ભાઈ અને પુત્રી તીર્થયાત્રા કરતાં કરતાં કનખલ પહોંચ્યાં. મા માટે એક સાડી લાવ્યાં હતાં. તે ખૂબ જ પહોળી લાલ કિનારવાળી હતી. માને અર્પણ કરી. માએ સ્વીકારી અને આખો દિવસ એ પહેરી રાખી !''

આ જ સાડી પહેરેલાં માનું દર્શન કમલાએ દહેરાદૂનમાં પથારીમાં સૂતાં સૂતાં કર્યું ! જે રીતે જ્યોતિષબાબુ પોતાના ઘરમાં બેઠાં બેઠાં શાહબાગમાં રહેલાં માનાં દર્શન કરી શકતાં અને સૂક્ષ્મમાં કરેલાં દર્શન, ભૌતિકરૂપે થતાં ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે માને એ જ વસ્ત્રો પરિધાન કરેલાં જોતા, જે સૂક્ષ્મ દર્શનોમાં પહેર્યાં હોય !

માને પ્રાપ્ત કરવાની અતિ ઉત્કટ ઝંખના, ભૌતિકરૂપે માથી સેંકડો જોજન દૂર હોવા છતાં, આંતરિક રીતે વ્યક્તિને માના સાન્નિધ્યમાં મૂકી આપે છે, એ આવાં ઉદાહરણો દ્વારા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

**પ્રાર્થના રૂપે કરી શકાય, તેવા કાર્યને જ, માથે લો, કે જેથી તે કરવામાં સમય બગડે નહીં. એકધારા પ્રયત્નથી બધું જ સાધી શકાય છે. મનને કેન્દ્રિત કરવામાં તમારે કોઈ પણ દુ:ખને ગણતરીમાં લેવું ન જોઈએ. ખાવા, પીવા અને સૂવામાં મનુષ્યે કેટકેટલી જીંદગીઓ બરબાદ કરી નાખી છે ? ''હું અમર છું'' – આ એ વિચાર છે કે જે તમારા જીવનને દિશાસૂચન આપી શકે.**

**– 'શ્રી શ્રી મા'**





## 'તો મારી હાલત ગંભીર થશે !'

અલ્હાબાદમાં કમલાજીની તબિયતમાં સુધારો જણાતો નહોતો. આથી ડૉક્ટરોએ પહાડોની સૂકી હવામાં લઈ જવાનું સૂચવ્યું.

હિમાલયના ભુવાલી સેનેટોરિયમમાં લઈ જવાયાં.

દહેરાદૂનથી એ ઘણું દૂર હતું. એટલે દુર્બળ શરીરે આટલી મુસાફરી કરી માનાં દર્શને જઈ શકતાં નહોતાં.

માનાં દર્શન ન થવાથી ક્યારેક ખિન્ન બની જતાં. ઉરમાં ઉદાસી છવાઈ જતી. ચિત્ત વ્યાકુળ બની જતું. અકળામણ અનુભવાતી.

એક દિવસ આવી બેચેની અનુભવાતાં, આર્તભાવે પ્રાર્થના કરી, દર્શન આપવા માને કહ્યું. માએ સાચા દિલનો પોકાર સાંભળ્યો ને સૌના આશ્ચર્ય વચ્ચે ભુવાલીના સેનેટોરિયમમાં આવીને ઊભાં ! કમલાજીને થયું કે શું હું સ્વપ્ન તો જોઈ રહી નથી ને ? ત્યાં તો માનો શીતળ હાથ મસ્તક પર ફરવા લાગ્યો. ત્યારે અનુભવ્યું કે સાક્ષાત્ મા એમનાં સમીપ આવ્યાં છે. આ ભાન થતાંજ માના બંને હાથ પકડી લીધા અને વેગથી રડવા લાગ્યાં. રોગથી કૃશ શરીર દિવ્ય રોમાંચથી ધ્રૂજવા લાગ્યું.

મા પંપાળતા રહ્યાં ને થોડી વારમાં શાંત થઈ ગયાં. પછી બોલ્યાંઃ

''મા, હું તો આવા શરીરે દર્શન કરવા આવી શકું તેમ નહોતી. પણ મારું હૃદય દર્શન માટે વ્યાકુળ બની ગયું હતું. મારો પોકાર સાંભળી આ બાળકી ઉપર કૃપા કરી મા અહીં સુધી મારી સંભાળ લેવા આવ્યાં !''

આમ કહી ફરી ગદ્ગદિત થઈ ગયાં.

ત્યારે માએ કહ્યું : ''હું તો અલ્મોડા જઈ રહી હતી. પણ રસ્તામાં એકાએકજ તમારો 'ખયાલ' આવ્યો ને મોટર આ રસ્તે વાળી અહીં આવી પહોંચી''. માનાં દર્શનથી કમલાને અવર્ણનીય આનંદ થયો.

માએ કહ્યું : ''અલ્મોડાથી પાછા ફરતાં પણ જરૂર આવીશ.''

થોડા દિવસ બાદ મા પાછાં ભુવાલી આવી પહોંચ્યાં. પણ હવે કમલાજી એટલાં અશક્ત થઈ ગયાં હતાં કે પથારીમાં બેસી પણ શકતાં નહોતાં. ડૉક્ટરોની સૂચના

હતી કે કોઈનેય એમના આરામમાં ખલેલ કરવા દેવી નહીં. આથી કોઈને પણ જવા દેતાં નહીં. નર્સો આ સૂચનાનું કડક પાલન કરી રહી હતી. આથી માને પણ રોક્યાં.

માએ નર્સને કહ્યું : "માત્ર એટલી જાણ કરી દો કે, મા આવ્યાં છે. પછી એ જેમ કહે તેમ કરો."

નર્સને મુખે કમલાજીએ જેવું સાંભળ્યું કે મા આવ્યાં છે તેવું જ તેમનું મુખ ચમકી ઊઠ્યું. તેમનાથી બેઠા થઈ શકાતું નહોતું, નહીંતર તો દોડીને મા પાસે પહોંચી જ ગયાં હોત !

પથારીમાં સૂતાંસૂતાં જ કહ્યું : "જાઓ, મારી પાસે લઈ આવો."

"પણ ડૉક્ટરોએ કોઈનીયે સાથે વાત કરવાની મનાઈ કરી છે."

"પણ મા ક્યાં 'કોઈ' છે ? તમે ઓળખતાં જ નથી. એમને મળવા નહીં દો તો મારી હાલત ઘણી જ ગંભીર બની જશે. માટે એમને જલદી જલદી અહીં બોલાવી લાવો."

આ સાંભળી નર્સ દોડતી બહાર ગઈ અને માને તેડી લાવી. માના દર્શન થતાં વેંત કૃશ કાયાના અણુએ અણુમાં પ્રસન્નતા પ્રગટી ગઈ.

મસ્તક પર હાથ મૂકી ક્યાંય સુધી મા પાસે બેઠાં. માનું સાન્નિધ્ય અને તેમનો દૈવી શીતળ સ્પર્શ કમલાજીને આ ભૌતિક જીવનની આધિ, વ્યાધિ ને ઉપાધિથી ક્યાંય દૂર દૂર સચ્ચિદાનંદના અલૌકિકને અગમ્ય પ્રદેશમાં લઈ જતો હતો. આથી તેઓ માનું સાન્નિધ્ય ઝંખતા હતા.

માએ કહ્યું : "તમે સદાય આ શરીરની સાથે સંકળાયેલા છો. તમે જ્યાં હશો ત્યાં આ શરીરની સાથે જ છો."

આ રીતે કમલાજીને ખૂબ સાંત્વન અને હિમ્મત આપીને, હૃદયમાં શાંતિ અને આનંદ ભરીને, મા દહેરાદૂન જવા નીકળ્યાં ત્યારે કમલાજીને ખબર નહોતી કે આ સ્પર્શ એ માનો અંતિમ સ્પર્શ છે, અને હવે આ શરીર ક્યારેય માનાં દર્શન કરી શકશે નહીં !





## 'મા, અલ્હાબાદ આવો ને !!'

ભુવાલીમાં કમલાજીની તબિયત ઉત્તરોત્તર વધુ ને વધુ બગડવા લાગી. આથી ફરી અલ્હાબાદ લઈ જવાયાં. એ જમાનામાં ક્ષય જીવલેણ રોગ ગણાતો, કેમકે, એની અસરકારક દવા સ્ટ્રેપ્ટોપેનિસિલિન હજુ શોધાઈ નહોતી. ધીમે ધીમે શરીર ઘસાતું જતું ને દર્દી મૃત્યુના મુખમાં ધકેલાતો જતો. કમલાજીની તબિયત પણ સુધરતી ન હતી.

આથી છેલ્લામાં છેલ્લા ઇલાજ માટે સ્વિટ્ઝર્લૅન્ડ લઈ જવાનું નક્કી થયું. ત્યાંની ખુશનુમા પ્રકૃતિ, પહાડોની તાજી હવા અને યોગ્ય સારવારથી સાજાં થઈ જશે તેવી સહુને આશા હતી.

પણ તેમને ખુદને શંકા હતી કે ત્યાંથી સાજા થઈને પાછાં આવી શકશે કે કેમ ! આથી જતાં પહેલાં માનાં દર્શન કરી આશીર્વાદ મેળવવા ઇચ્છતાં હતાં. પણ દુર્બળ શરીરે એ દહેરાદૂન જઈ શકે તેમ નહોતાં. આથી ફિરોજ ગાંધીને માં પાસે મોકલ્યા. તે સમયે હજી ફિરોજ ગાંધીનું ઇંદિરા સાથે સગપણ થયું નહોતું. પણ તેમને કમલાજી ઉપર ભક્તિભાવ હતો અને પ્રેમપૂર્વક સેવા કરી રહ્યા હતા.

ફિરોજે માને કમલાજીનો સંદેશો આપ્યો : "તબિયત ખૂબખૂબ ખરાબ થઈ ગઈ છે, તેથી સારવારાર્થે સ્વિટ્ઝર્લૅન્ડ લઈ જાય છે. ત્યાં જતાં પહેલાં આપનાં દર્શન કરવા ઇચ્છે છે. કૃપા કરી અલ્હાબાદ પધારો. તેડવા માટે જ આવ્યો છું."

મળવાની કમલાજીની તીવ્રતમ ઇચ્છાને મા જાણતાં હતાં. પણ પોતાની ઇચ્છા પ્રમાણે મા કશું કરતાં નહીં. બધાં જ કાર્યો 'ખયાલ' પ્રમાણે થતાં રહેતાં. ફિરોજની વાત સાંભળી મા શાંત થઈ ગયાં.

પછી કહ્યું : "પણ અલ્હાબાદ જવાનો 'ખયાલ' જ નથી આવતો."

માના આ ઉત્તરમાં સંકેત હતો કે કમલાજીને દહેરાદૂન લાવો, પણ કોઈ એ સમજી શક્યું જ નહીં. સંકેત પ્રમાણે માની પાસે લવાયાં હોત ને ત્યાં જ લાંબો સમય રાખ્યાં હોત તો, જે રીતે માએ ભાઈજીને ક્ષયના દર્દમાંથી મુક્ત કર્યા એ જ રીતે કમલાજીને પણ મુક્ત કર્યાં હોત. પણ નિયતિ પ્રબળ હોય છે. ને જ્યારે જે થવાનું હોય છે ત્યારે તે થઈને જ રહે છે. આથી કમલાની પ્રબળ ઇચ્છા હોવા છતાં માનાં દર્શન થયાં નહીં.

સ્વિટ્ઝર્લૅન્ડ જતાં પહેલાં માએ આપેલું સોનાનું કડું સાચવીને પેટીમાં મૂકતાં ગયાં હતાં. પણ રુદ્રાક્ષની માળા સાથે લઈ ગયાં હતાં.

આ માળાથી માનું સતત સ્મરણ કરતાં રહેતાં.

આથી અંતિમ સમય સુધી શાંત અને સ્વસ્થ રહી શક્યાં હતાં.

સ્વિટ્ઝર્લૅન્ડમાં જ ૨૮, ફેબ્રુ. ૧૯૩૬માં અંતિમ શ્વાસ લીધો.

તેઓ જાણી ગયાં હતાં કે આ રોગમાંથી સાજા થવાનાં નથી.

આથી એક દિવસ મા પાસે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું :

"મા, આ રોગને લીધે હવે વધુ જીવીશ નહીં. પણ મારી આ દીકરીનું શું થશે ? તમે તેનું ધ્યાન રાખજો. તમને સોંપું છું." આમ કહીને નાનાં ઇંદિરાજીને માની ગોદમાં મૂકી દીધાં.

માએ કમલાજીને કહ્યું હતું : "હું તેનું ધ્યાન રાખીશ."

કમલાજીના મૃત્યુ પછી માએ ઇંદિરાજીનું આંતરિક રીતે ધ્યાન રાખીને એ વચન પૂર્ણ કર્યું હતું.

**મનમાં વિરોધ રાખીને કોઈએ કોઈને માટે નિંદા કે પ્રશંસાની વાત કરવી નહિ.**

**તમારા સાથીઓનો ન્યાય તોળશો નહિ કે તેમના વિશે બીજાઓ સાથે ચર્ચા કરશો નહિ.**

**– 'શ્રી શ્રી મા'**





## દશ મિનિટની ભિક્ષા

કમલા નહેરુએ રાયપુરમાં કરેલા યજ્ઞોત્સવમાં ત્રણેય દિવસ મા હાજર રહ્યાં હતાં, એથી આ યજ્ઞોત્સવ અનોખો બની રહ્યો. અસંખ્ય ભક્તો પણ ત્યાં આવવા લાગ્યાં. હજુ તો માના દૈવી કાર્યનો પ્રારંભ જ થયો હતો. ભક્તો સમક્ષ મા હવે વાર્તાલાપ કરતાં હતાં, લોકોમાં પ્રભુલગની અને ભક્તિભાવ જાગે તે માટે તેમની સમીપ આવનાર સર્વના પ્રણામ ઝીલતાં, આશીર્વાદ આપતાં, વાર્તાલાપ કરતાં, તેમના પ્રશ્નોના ઉત્તર આપતાં અને ક્યારેક સીધો આદેશ પણ આપતાં.

ત્યાગ, સમર્પણ, સેવા, સંયમ અને મૌન–આ પાંચવ્રતોનું પાલન કરવાથી જીવનમાં સાચું સુખ અને શાંતિ મળે છે, એ વાત આ યજ્ઞોત્સવમાં સર્વપ્રથમ લોકોની સમક્ષ માએ જાહેરમાં કહી હતી. મૌન પાળવા પર વિશેષ ભાર મૂક્યો હતો. ત્યાં હાજર રહેલા સર્વ સમક્ષ કરેલા વાર્તાલાપ વિશે તેમણે જણાવ્યું હતું : "શ્રીમતી કમલા નહેરુએ રાયપુર (દહેરાદૂન)ના શ્રી દુર્ગા મંદિરમાં સન ૧૯૩૧ કે ૩૨માં કરેલા યજ્ઞોત્સવમાં આ શરીર હાજર રહ્યું હતું. ભક્તો સાથે વાર્તાલાપ કરતાં આ શરીરે એવો ઉલ્લેખ કર્યો કે ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછી દશ મિનિટ લોકોએ અખંડ મૌન પાળવું જ જોઈએ. આ વાત સહુને ગમી તો ખરી, પણ ત્યાં ને ત્યાં જ અટકી ગઈ. સન ૧૯૩૩માં આ શરીર દહેરાદૂનમાં આનંદચોકમાં રહેવા ગયું. તે સમયે ફરી મૌનનો 'ખયાલ' આવ્યો ને મેં જ્યોતિષને કહ્યું : "બહુ થોડા લોકો ગૃહસ્થાશ્રમમાં નિત્ય ભગવત્ સ્મરણ કરી શકે છે. મોટા ભાગના લોકો તો કંઈ જ કરતા નથી. ૨૪ કલાકમાંથી થોડો સમય પણ લોકો ભગવાનને નિયમિત અર્પણ કરે તો કેવું સારું ! મેં તો ફક્ત દશ જ મિનિટ ભગવાનને અર્પણ કરવાની વાત કરી. આટલો ઓછો સમય ભગવાનને આપવામાં કોઈને કશી જ અગવડ પડવી ન જોઈએ."

માની આ વાત જ્યોતિષબાબુને એકદમ સ્પર્શી ગઈ.

તેમણે કહ્યું : "મા, આપ આ વિશે લોકોને જરૂર કહો."

માએ હાજર રહેલા લોકોને ઉદ્બોધી કહ્યું : "આ શરીરને તમે 'પોતાનું' ગણતા હો તો, દશ મિનિટનો સમય માગવાનો મને હક્ક છે. આ શરીરને 'પરાયું'